PATIDAR SANDESH MONTHLY 10th April-81

પાટીદાર સંદેશ

ઓલ ઇન્ડીયા કચ્છ-કડવા-પાટીદાર યુથ સોસાયટીનું મુખપત્ર

વર્ષ : ૧ | માનદ તંત્રીઓ : કરમશી એન. પટેલ, પટેલવાડી, ભુજ | વા. લ. રૂા. ૭-૦૦
અંક : ૧ | શામજી આર. પટેલ, સાણંદ | પાના : ૪

"આવો આપણે સૌ એકબીજાના સહારે સમાજ માટે કાંઇક કરી છુટવાની પ્રતિજ્ઞા લઇ આગળ ધપીએ"

ડૉ. વી. એચ. પટેલ (પ્રમુખ, યુથ સોસાયટી)

આપણી વર્તમાન સમાજ રચના પ્રત્યે દ્રષ્ટિપાત કરીશું તો જણાશે કે તેમાં નાની મોટી અસંખ્ય જ્ઞાતિઓના સમૂહો જાતિઓ વિગેરે એક બીજા સાથે દૂધમાં સાકરની જેમ ભળી ગયાં છે અને હજારો વર્ષોથી સાથે જીવન જીવે છે સમયના વહેણની સાથે માનવીનો પણ વિકાસ થતો ગયો તેમ તેમ તેની કામગીરી અને કાર્યક્ષેત્ર જ્ઞાતિ કે જાતિના વાડાઓને ભેદીને વિસ્તાર પામતાં ગયાં અને તેણે વિવિધ ક્ષેત્ર સમૃદ્ધિનાં ... સુધી ચાલુ રાખ્યુ છે. આમ છતાંય ખાસ નોંધ પાત્ર વિશેષતા એ રહી છે કે માનવીએ ગમે તે ક્ષેત્રમાં ભલે અસાધારણ પ્રગતિ હાંસલ કરી હોય પણ સાથોસાથ પોતાની જ્ઞાતિનું અલાયદું અસ્તિત્વ જાળવી રાખ્યું છે એટલું જ નહી બલ્કે વધુ મજબુત અને દ્રઢ બનાવ્યું છે.

મે આપણા સમાજ જીવનની ઘણી બધી જ્ઞાતિઓની અંદર ઊંડા ઉતરીને તેમના વિશે ઘણી બધી જાણકારી મેળવી છે. અભ્યાસ કર્યો છે અને તેનાં સારાં નરસાં પાસાંઓનો આપણી જ્ઞાતિની વર્તમાન સ્થિતિ સાથે સરખાવવાનો પણ પ્રયત્ન કરી જોયો છે. નાની મોટી જ્ઞાતિઓની બાબતમાં વાત કરીએ તો, આટલી વિશાળ ફલક ઉપર કદાચ આપણી **"કચ્છ કડવા પાટીદાર જ્ઞાતે"** અગ્રતાભર્યું સ્થાન ધરાવતી હશે તેમ માનું છું.

આટલા વિશાળ જનસમૂહો વૈચારિક એક તાંતણે બાંધવાનાં અને તેમની વચ્ચે એક સુત્રતા લાવવાના અત્યારસુધી ઘણા પ્રયાસો થયા છે. આપણાં રષ્ટ્રીય સંગઠનોએ તથા **'જાગૃતિ'** અને અગાઉના **'આઝાદ કલમ'** મુખપત્રે પણ યથા શકિત યોગદાન આપીને, ફાળો નોંધાવ્યો હતો. જો કે આ દિશામાં આપણે સૌએ હજુ ઘણું કાર્ય કરવાનું બાકી છે અને એકાદ બે વ્યક્તિઓ કે સંસ્થાઓથી તે થઈ શકે તેમ નથી. આપણે સૌએ સ્વયંભુ નેતાગીરી સાથે સામાજીક ક્ષેત્રમાં સંગઠનની દિશામાં આગળ વધવું પડશે.

હવે મૂળ વાત ઉપર આવીએ —આટલી વિશાળ જન સંખ્યા ધરાવતા અને સમગ્ર ભારત ભરમાં ભાઇ-બહેનો સુધી વિચારોનું આદાન પ્રદાન કરી શકાય તે માટેના અસરકારક માધ્યમની ખોટ ઘણાં સમયથી વરતાતી હતી, તેમાં મદદ રૂપ થવ અને આ જ્ઞાતિમાં બનતી નવિનતમ ઘટનાઓ, પ્રવૃત્તિઓ વિગેરેની માહિતી માત્ર એક જ માધ્યમ દ્વારા ઠેર ઠેર, એક જ સમયે, એકી સાથે પહોંચાડવામાં મદદરૂપ થવાના એક માત્ર શુભ આશયથી કોઈ પણ જાતના પૂર્વગ્રહથી પિડાયા વીના યુથ સોસાયટી દ્વારા **'પાટીદાર સંદેશ'** શરૂ કરવાનો નિર્ણય લીધેલ છે. અને તે નિમિત્તે મારા ૪૦ યુવાન સાથીઓની અથાગ જહેમતના પરિણામે **'પાટીદાર સંદેશ'**નો પ્રથમ અંક આપના કરકમળમા મકતાં અત્યંત આનંદ ...

'પાટીદાર સંદેશ'ના માધ્યમ દ્વારા મારો આ સંદેશ સમગ્ર ભારતભરમાં આપણી જ્ઞાતિનાં વધુને વધુ કુટુંબો સુધી પહોંચે તે માટે મારા સાથીઓએ કરેલા પ્રયાસો પ્રસંસનીય છે. સમાજ સેવાના ક્ષેત્રે કરવામાં આવતી કોઈ પણ કામગીરી-પ્રવૃત્તિ અંતે તો સમાજનાં નાગરિક ભાઇ-બહેનો ઉપર જ નિર્ભર હોય છે. આથી **'પાટીદાર સંદેશ'**ની સફળતા તથા અસરકારકતાની જવાબદારી સ્વાભાવિક રીતે જ આપના ઉપર મૂકું છું.

યુથ સોસાયટીની રચનાની જાહેરાત બાદ તુરત જ મારા મંત્રીઓ ઉપર પત્રોથી તેમજ મૌખિક રીતે આવ્યું ... **'યુથ સોસાયટી'** તથા **'પાટીદાર સંદેશ'** શરૂ કરવાનો હેતુ શું છે તે બાબંત મુખ્ય હતી.

> **"ઓલ ઇન્ડીયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટીની રચના તથા પાટીદાર સંદેશ"** શરૂ કરવાના નીર્ણય બાબતમાં **'જાગૃતિ'** માસિક દ્વારા, વ્યકિતગત કીસ્સાઓમાં પત્રોના ઉત્તર આપીને તેમજ છેલ્લે **'જાહેર વિજ્ઞપ્તિ'** દ્વારા પરિપત્રો છપાવીને પુરતી સ્પષ્ટતા કરવામાં આવી છે. આમ છતાં આ સ્થાનેથી પુનઃ હું એટલું કહીશ કે **'યુથ સોસાયટી'** તથા **'પાટીદાર સંદેશ'** અનુક્રમે હાલનાં સમાજીક સંગઠનો તથા **'જાગૃતિ'** માસિકના પૂરક સહાયક તરીકે કામગીરી બજાવશે.

માનું છું કે આટલું પૂરતું છે 'પાટીદાર સંદેશ' વીશે આપનાં સુચનો અભીપ્રાય જણાવવા અનુરોધ કરું તો અસ્થાને નહી ગણાય.

— આ ભા ર

આપનો

ડૉ. વી. એચ. પટેલ

જિલ્લા પંચાયતના પ્રમુખપદે ચુંટાયેલા પાટીદાર સમાજના આગેવાન શ્રી શીવદાસ પટેલને સન્માનવા ભુજ પાટીદાર યુવક મંડળના ઉપક્રમે યોજાયેલ સમારંભ

તાજેતરમાં ગુજરાત રાજ્યમાં પંચાયતોની ચૂંટણીઓ યોજાયેલ હતી આ ચુંટણીમાં વિજયી બનેલા જીલ્લા પંચાયતના સદસ્યોનુ તેમજ તાલુકા પંચાયતોની ચુંટણીમાં હોદેદારો તરીકે સફળ થયેલા સદસ્યોનું અભ્યાસ ક્ષેત્રે ઉજ્જવળ કારકીર્દી ધરાવતા વિધાર્થીનું તથા ડેન્ટલ સર્જન પ્રદીપ વી. વેલાણીનું ભુજ પાટીદાર યુવક મંડળના ઉપક્રમે તા. ૮-૩-૮૧ ના ... હોટલ'માં સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો આ સમારંભના પ્રમુખ સ્થાને કચ્છ કડવા પાટીદાર સમાજ ના મંત્રી શ્રી પ્રેમજી પુંજાભાઇ હતા અને અતીથી વીશેષ તરીકે શ્રી લધાભાઇ મેગજી ધોળુ [વિથોણ] હતા.

જીલ્લા પંચાયત ની ચુંટણી માં પાટીદાર જ્ઞાતી ના નીચે મુજબનાં સભ્યો સફળ થયા હતા અને સન્માન સમારંભમાં સર્વે સભ્યો હાજર હતા

૧ શ્રી શીવદાસ ગોવિંદ પટેલ
જી.પ. પ્રમુખ [ગઢશીશા]
૨ ,, નારાણ રામજી પટેલ
જી.પ. સદસ્ય [રાયણ]
૩ ,, હંસરાજ દેવજી ધોળુ
,, [ખીદડા]
૪ ,, ભીમજી નાગજી પટેલ
,, [કોટડા-જડોદર]
૫ ,, પ્રેમજી રામજી પટેલ
,, [વીથોણ]
૬ ,, માવજી રાજા પટેલ
,, [નખત્રાણા]

અનુસંધાન છેલ્લા પાને



PATIDAR SANDESH MONTHLY 10th April-81

પાટીદાર સંદેશ

ઓલ ઇન્ડીયા કચ્છ કડવા-પાટીદાર યુથ સોસાયટીનું મુખપત્ર

વર્ષ : ૧ | માનદ્ તંત્રીઓ : કરમશી એન. પટેલ, પટેલવાડી, ભુજ | વા. લ. રૂા. ૭-૦૦
અંક : ૧ | શામજી આર. પટેલ, સાણંદ | પાના : ૪

"આવો આપણે સૌ એકબીજાના સહારે સમાજ માટે કાંઇક કરી છુટવાની પ્રતિજ્ઞા લઇ આગળ ધપીએ"

ડૉ. વી. એચ. પટેલ (પ્રમુખ, યુથ સોસાયટી)

આપણી વર્તમાન સમાજ રચના પ્રત્યે દ્રષ્ટિપાત કરીશું તો જણાશે કે તેમાં નાની મોટી અસંખ્ય જ્ઞાતિઓના સમૂહો જાતિઓ વિગેરે એક બીજા સાથે દૂધમાં સાકરની જેમ ભળી ગયાં છે અને હજારો વર્ષોથી સાથે જીવન જીવે છે સમયના વહેણની સાથે માનવીનો પણ વિકાસ થતો ગયો તેમ તેમ તેની કામગીરી અને કાર્યક્ષેત્ર જ્ઞાતિ કે જાતિના વાડાઓને ભેદીને વિસ્તાર પામતાં ગયાં અને તેણે વિવિધ ક્ષેત્ર સમૃદ્ધિનાં ... સુધી ચાલુ રાખ્યુ છે. આમ છતાંય ખાસ નોંધ પાત્ર વિશેષતા એ રહી છે કે માનવીએ ગમે તે ક્ષેત્રમાં ભલે અસાધારણ પ્રગતિ હાંસલ કરી હોય પણ સાથોસાથ પોતાની જ્ઞાતિનું અલાયદું અસ્તિત્વ જાળવી રાખ્યું છે એટલું જ નહીં બલ્કે વધુ મજબુત અને દ્રઢ બનાવ્યું છે.

મે આપણા સમાજ જીવનની ઘણી બધી જ્ઞાતિઓની અંદર ઊંડા ઉતરીને તેમના વિશે ઘણી બધી જાણકારી મેળવી છે. અભ્યાસ કર્યો છે અને તેનાં સારાં નરસાં પાસાંઓનો આપણી જ્ઞાતિની વર્તમાન સ્થિતિ સાથે સરખાવવાનો પણ પ્રયત્ન કરી જોયો છે. નાની મોટી જ્ઞાતિઓની બાબતમાં વાત કરીએ તો, આટલી વિશાળ ફલક ઉપર કદાચ આપણી "કચ્છ કડવા પાટીદાર જ્ઞાતે" અગ્રતાભર્યું સ્થાન ધરાવતી હશે તેમ માનું છું.

આટલા વિશાળ જનસમૂહને વૈચારિક એક તાંતણે બાંધવાનાં અને તેમની વચ્ચે એક સુત્રતા લાવવાના અત્યારસુધી ઘણા પ્રયાસો થયા છે. આપણાં રાષ્ટ્રીય સંગઠનોએ તથા 'જાગૃતિ' અને અગાઉના 'આઝાદ કલમ' મુખપત્રે પણ યથા શક્તિ યોગદાન આપીને, ફાળો નોંધાવ્યો હતો. જો કે આ દિશામાં આપણે સૌએ હજુ ઘણું કાર્ય કરવાનું બાકી છે અને એકાદ બે વ્યક્તિઓ કે સંસ્થાઓથી તે થઈ શકે તેમ નથી. આપણે સૌએ સ્વયંભુ નેતાગીરી લઈને સામાજીક ક્ષેત્રમાં સંગઠનની દિશામાં આગળ વધવું પડશે.

હવે મૂળ વાત ઉપર આવીએ —આટલી વિશાળ જન સંખ્યા ધરાવતા અને સમગ્ર ભારત ભરમાં ભાઈ-બહેનો સુધી વિચારોનું આદાન પ્રદાન કરી શકાય તે માટેના અસરકારક માધ્યમની ખોટ ઘણાં સમયથી વરતાતી હતી, તેમાં મદદરૂપ થવ અને આ જ્ઞાતિમાં બનતી નવિનતમ ઘટનાઓ, પ્રવૃત્તિઓ વિગેરેની માહિતી માત્ર એક જ માધ્યમ દ્વારા ઠેર ઠેર, એક જ સમયે, એકી સાથે પહોંચાડવામાં મદદરૂપ થવાના એક માત્ર શુભ આશયથી કોઈ પણ જાતના પૂર્વગ્રહથી પિડાયા વીના યુથ સોસાયટી દ્વારા 'પાટીદાર સંદેશ' શરૂ કરવાનો નિર્ણય લીધેલ છે. અને તે નિમિત્તે મારા ૪૦ યુવાન સાથીઓની અથાગ જહેમતના પરિણામે 'પાટીદાર સંદેશ'નો પ્રથમ અંક આપના કરકમળમા મુકતાં અત્યંત આનંદ ...

'પાટીદાર સંદેશ'ના માધ્યમ દ્વારા મારો આ સંદેશ સમગ્ર ભારતભરમાં આપણી જ્ઞાતિનાં વધુને વધુ કુટુંબો સુધી પહોંચે તે માટે મારા સાથીઓએ કરેલા પ્રયાસો પ્રસંસનીય છે. સમાજ સેવાના ક્ષેત્રે કરવામાં આવતી કોઈ પણ કામગીરી-પ્રવૃત્તિ અંતે તો સમાજનાં નાગરિક ભાઈ-બહેનો ઉપર જ નિર્ભર હોય છે. આથી 'પાટીદાર સંદેશ'ની સફળતા તથા અસરકારકતાની જવાબદારી સ્વાભાવિક રીતે જ આપના ઉપર મુકું છું.

યુથ સોસાયટીની રચનાની જાહેરાત બાદ તુરત જ મારા મંત્રીઓ ઉપર પત્રોથી તેમજ મૌખિક રીતે આવેલ ... 'યુથ સોસાયટી' તથા 'પાટીદાર સંદેશ' શરૂ કરવાનો હેતુ શું છે તે બાબંત મુખ્ય હતી.

> "ઓલ ઇન્ડીયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટીની રચના તથા પાટીદાર સંદેશ" શરૂ કરવાના નીર્ણય બાબતમાં 'જાગૃતિ' માસિક દ્વારા, વ્યકિતગત કીસ્સાઓમાં પત્રોના ઉત્તર આપીને તેમજ છેલ્લે 'જાહેર વિજ્ઞપ્તિ' દ્વારા પરિપત્રો છપાવીને પુરતી સ્પષ્ટતા કરવામાં આવી છે. આમ છતાં આ સ્થાનેથી પુનઃ હું એટલું કહીશ કે 'યુથ સોસાયટી' તથા 'પાટીદાર સંદેશ' અનુક્રમે હાલનાં સમાજીક સંગઠનો તથા 'જાગૃતિ' માસિકના પૂરક સહાયક તરીકે કામગીરી બજાવશે.

માનું છું કે આટલું પૂરતું છે 'પાટીદાર સંદેશ' વીશે આપનાં સુચનો અભીપ્રાય જણાવવા અનુરોધ કરૂં તો અસ્થાને નહી ગણાય.

— આભાર
આપનો
ડૉ. વી. એચ. પટેલ

જિલ્લા પંચાયતના પ્રમુખપદે ચુંટાયેલા પાટીદાર સમાજના આગેવાન શ્રી શીવદાસ પટેલને સન્માનવા ભુજ પાટીદાર યુવક મંડળના ઉપક્રમે યોજાયેલ સમારંભ

તાજેતરમાં ગુજરાત રાજ્યમાં પંચાયતોની ચૂંટણીઓ યોજાયેલ હતી આ ચુંટણીમાં વિજયી બનેલા જીલ્લા પંચાયતના સદસ્યોનુ તેમજ તાલુકા પંચાયતોની ચુંટણીમાં હોદ્દેદારો તરીકે સફળ થયેલા સદસ્યોનું અભ્યાસ ક્ષેત્રે ઉજ્જવળ કારકીર્દી ધરાવતા વિધાર્થીનું તથા ડેન્ટલ સર્જન પ્રદીપ વી. વેલાણીનું ભુજ પાટીદાર યુવક મંડળના ઉપક્રમે તા. ૮-૩-૮૧ ના ... હોટલ'માં સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો આ સમારંભના પ્રમુખ સ્થાને કચ્છ કડવા પાટીદાર સમાજના મંત્રી શ્રી પ્રેમજી પુંજાભાઇ હતા અને અતીથી વીશેષ તરીકે શ્રી લધાભાઇ મેગજી ધોળુ [વિથોણ] હતા.

જીલ્લા પંચાયત ની ચુંટણી માં પાટીદાર જ્ઞાતી ના નીચે મુજબનાં સભ્યો સફળ થયા હતા અને સન્માન સમારંભમાં સર્વે સભ્યો હાજર હતા

૧ શ્રી શીવદાસ ગોવિંદ પટેલ
જી.પં. પ્રમુખ [ગઢશીશા]
૨ ,, નારાણ રામજી પટેલ
જી.પં. સદસ્ય [રાયણ]
૩ ,, હંસરાજ દેવજી ધોળુ
,, [ખીરસરા]
૪ ,, ભીમજી નાગજી પટેલ
,, [કોટડા-જડોદર]
૫ ,, પ્રેમજી રામજી પટેલ
,, [વીથોણ]
૬ ,, માવજી રાજા પટેલ
,, [નખત્રાણા]

અનુસંધાન છેલ્લા પાને

તંત્રી સ્થાનેથી..

તા. ૧૦–૪–૧૯૮૧

વિશાળ ક્ષેત્ર અને વિશાળ જનસમૂહ ધરાવતા આપણા સમાજનાં નાગરિક ભાઇ-બ્હેનોને ''પાટીદાર સંદેશ'' ના માધ્યમ દ્વારા મળતાં અમો ખૂબ જ ગર્વ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

છેલ્લાં કેટલાક વર્ષો દરમ્યાન આપણા સમાજે વ્યક્તિગત અને સામૂહિક બંને ક્ષેત્રોમાં અનેકવિધ સ્તરે સફળતા મેળવી છે. ગુજરાતના પ્રાણ સમા અમદાવાદમાં આપણે કોઈપણ જ્ઞાતિની ન હોય તેવી તમામ સુખ સગવડો અને સુવિધાઓ ધરાવતી સમાજવાડી લાખોના ખર્ચે બાંધી છે. યુવક સંઘ અને સમાજનાં ઐતિહાસિક સંમેલનો દ્વારા હજારોની સંખ્યામાં યુવાનોને યુવાશક્તિને એકમંચ ઉપર એકત્રિત કરી શકયા છીએ તે દ્વારા તેઓમાં અલાયદી વિચારધારા, સામાજીક જાગૃતિ, સમયને અનુરૂપ ઠરાવો, નિર્ણયો વિ. ઘણું બધું કરાવ્યું છે. પણ કમનસીબે સમાજના મોટા ભાગન. સમૂહ સુધી આ હકીકતો કામગીરીની જાણકારી આપણે પહોંચાડી શકયા નથી. ''પાટીદાર સંદેશ'' શરૂ કરવાના ખ્યાલમાં આવી બાબતો તેના મૂળમાં રહેલી છે.

[illegible] નું માધ્યમ બની રહે [illegible] થી આ પ્રથમ અંક આપની સમક્ષ મૂકીએ છીએ. અમારી ઇચ્છા છે કે આ મુખપત્ર આપ સૌનું બની રહે આપણું જ છે તેમ ગર્વથી કહી શકીએ તેમ કહેવું જરાય અસ્થાને નહીં ગણાય.

''પાટીદાર સંદેશ'' ને અસરકારક મુખપત્ર બનાવવા અંગેના આપના વિચારો, સલાહ સુચનો, અભિપ્રાયો અમને જરૂરથી જણાવજો. આપના વિસ્તારમાં બનતી નવીનતમ ઘટનાઓની અમને માહિતી આપો. અમે પ્રસિદ્ધિ આપીશું. આપની સ્વરચિત કૃતિઓ મોકલો અમે તેને યથા યોગ્ય સ્થાન આપીશું આપના મૌલિક વિચારો જણાવવા અનુરોધ કરીએ છીએ. અમે તેને વાચા આપીશું સમગ્ર સમાજ સમક્ષ રજુ કરીશું. અમો આપને વધુ સારી સેવા આપી શકીએ તે બદલ આપનો સહયોગ માંગીએ તો કાંઇ ખોટું નથી જ.

પુન: એકવાર આપ સૌના સહયોગની અપેક્ષા સાથે વિરમીએ છીએ.

— ફરીથી મળીશું.
— આવતા મહીને.
— આ જ સ્થાને.

શામજી પટેલ, કરમશી પટેલ
તંત્રીઓ

આપણું યૌવન ધન.... થોડું વિચારીએ

ડો. અમૃત આર. પટેલ (M.B.,B.S)
ઉપ-પ્રમુખ (વહીવટ) યુથ સોસાયટી

છેલ્લા કેટલાક સમયથી સમાજ માટે, સમાજના યૌવનધન માટે કાંઈક કરી છુટવાની તમન્ના મનમાં ઘોળાયા કરતી હતી અને એ તમન્નાઓને, આવેગોને, ઉર્મિઓને તથા ભાવનાઓને વાચા આપવા માટે અમે કેટલાક મિત્રો બેગા મળ્યા– વિચારોની આપલે કરી અને ૨૮ મી સપ્ટેંબર '૮૦ ના રોજ ગાંધીનગર ખાતે યુથ હોસ્ટેલના નયનરમ્ય બીલ્ડીંગમાં 'ઓલ ઇન્ડીયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટી'નો વિધિવત જન્મ થયો અને 'પાટીદાર સંદેશ' નામનું મુખપત્ર શરૂ કરવાનો નિર્ણય લેવાયો, અમારા બંને ઉત્સાહી મંત્રીઓએ કાયદાકીય વિધિ બહુજ ઝડપથી પુરી કરી અને માત્ર સાતેક માસના ટુંકા ગળામાં અમને ભારત સરકારની મંજુરી મળી ગઇ, જેના પરિણામે અમે 'પાટીદાર સંદેશ'નો પ્રથમ અંક આપના હાથમાં મૂકી શકયા છીએ.

અમારી મહત્વાકાંક્ષાઓ — [illegible] બેઠા કરવાની છે. આપણી યુવાની આજે નિસ્તેજ, નિશ્ચેતન અવસ્થામાં છે. તેને જાગૃત કરવી છે. આપણું યૌવન શિયાળની જેમ નહીં પણ સિંહ ગર્જના કરે તે જોવું છે. અમે ઇચ્છીએ છીએ કે આપણા વેરવિખેર યૌવન ધનને એકત્રિત કરી શકાય, સમાજના ખૂણે ખૂણે પ્રસરેલ આપણા શિક્ષિત યુવા વર્ગને ઓળખવા તથા ઓળખાવવા માગીએ છીએ. એમની સેવાઓ શક્તિઓને પ્રોત્સાહિત કરવા બિરદાવવા માગીએ છીએ. અમારા આ પ્રયાસોમાં આપ સૌનો સાથ અને સહકાર જરૂરી છે.

કન્યા કેળવણી, કન્યા વિક્રય, છુટાછેડા, સગપણ, યુવાનીના પ્રશ્નો, મુંઝવણ અને ઉકેલ, નાની વયે થતાં લગ્નો અને તેનાથી ઉભી થતી જવાબદારીઓ...

અને આ ઉપરાંત ઘણું બધું આપણે સૌએ સાથે મળીને વિચારવાનું છે, કાર્ય કરવાનું છે.

આપણે સૌ વિશાળ વટવૃક્ષ સમા કચ્છ કડવા પાટીદાર સમાજનાં સંતાનો છીએ [illegible] છે. સમાજના [illegible] ઋણી છીએ અને એ ઋણ અદા કરવા આપણે સૌ પ્રયત્નશીલ રહેવાનો સંકલ્પ કરીએ.

આપની શુભેચ્છાઓ....અને.... અમે....પત્રમિત્રોની સાથે

('પાટીદાર સંદેશ' શરૂ કરવાની જાહેર વિજ્ઞપ્તિ બહાર પાડયા પછી મારા ઉપર સંખ્યાબંધ પત્રો અમારા આ કાર્યને અભિનંદન આપતા તથા શુભેચ્છાઓ વ્યકત કરતા મળતા રહ્યા છે. આ પ્રવાહ નિરંતર ચાલુ છે. જે પૈકી કેટલાકનો આ અંકમાં ઉલ્લેખ કરેલ છે. બાકીના પત્ર મિત્રોને હવે પછીના અંકોમાં સમાવી લેવાશે. તંત્રી)

☼ **શ્રી વીરેન્દ્ર એસ. પટેલ** (બેરીસ્ટર – એટ – લો – એડવોકેટ– સુપ્રિમ કોર્ટ) મુંબઇથી યુવાશક્તિને બીરદાવતાં લખે છે......... ''જાહેર વિજ્ઞપ્તિ હમણાં જ ટપાલમાં મળી ખૂબજ આનંદ થયો તમારી ભાવિ પ્રવૃત્તિઓ માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું ભવિષ્યમાં ક્યારે પણ હું આપ સૌને યત્ કિંચિત પણ ઉપયોગી થઇ શકું એમ લાગે તો સંકટ સમયની સાંકળ ખેંચવામાં સંકોચ ન કરતાં. એવા સમયે મારાથી બનતી તમામ મદદ આપવાનો કોલ અને વિશ્વાસ આપું છું.''

☼ **શ્રી વાડીભાઇ કે. પટેલ** (ધનસુરા)એ તેમની અનોખી શૈલીમા અમને શુભેચ્છાઓ મોકલી છે. લખે છે કે... ''પાટીદાર સંદેશ'' શરૂ કરવા યુવાશક્તિ મેદાને પડી છે તે ઘણી ખુશીની હકીકત જાણી સંતોષ થયો. પ્રગતિનાં નવાં સોપાનો સર કરી માસિક વધુ લોકપ્રિય બને તેવી શ્રધ્ધા અને શુભ કામનાઓ વ્યકત કરૂં છું.

☼ સાણંદના સામાજીક જગતના અગ્રણીઓ સર્વ **શ્રી દિલીપ રાવલ** (પ્રમુખ ધી ટાઉન કલબ ઓફ સાણંદ) **નટુભાઇ ગણાત્રા** (પ્રમુખશ્રી, યુથ હોસ્ટેલ એસોશીએસન ઓફ ઇન્ડીયા, સાણંદ યુનીટ), **મહેન્દ્ર પટેલ** (પ્રમુખ, રેડક્રોસ સોસાયટી, સાણંદ તાલુકા શાખા) તથા **નાનુભાઇ પંચાલ** (પ્રમુખશ્રી, સાણંદ એસ. ટી. પેસેંજર્સ એસોશીએશન) એ આ પ્રસંગે તેમની હાર્દિક શુભેચ્છાઓ મોકલી છે.

ઓલ ઈન્ડીયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટી

— સંચાલક મંડળ —

નંબર	હોદ્દો	નામ	સરનામું
૧	પ્રમુખ	ડૉ. વાલજીભાઈ એચ. પટેલ (એમ. બી. બી. એસ.)	પટેલ હોસ્પિટલ, કેમ્પ એરિયા ભુજ ૩૭૦૦૦૧
૨	ઉપપ્રમુખ (વહીવટ)	ડૉ. અમૃત આર. પટેલ (એમ. બી. બી. એસ.)	પટેલ હોસ્પિટલ, ચિલોડા ચાર રસ્તા તા. જી. ગાંધીનગર વાયા–ડભોડા–૩૮૨૩૫૫
૩	ઉપપ્રમુખ (લવાજમ)	શ્રી ડાહ્યાભાઈ આર. પટેલ	૧૬ જૈનનગર સોસાયટી, ગોમતીપુર અમદાવાદ–૩૮૦૦૨૧
૪	ઉપપ્રમુખ (જાહેરાત)	શ્રી વસંતભાઈ એ. પટેલ	ગારનીટ ઈન્ડસ્ટ્રીઝ, ૩૩ આદર્શ ઈન્ડ. એસ્ટેટ, ચકુડીયા મહાદેવ પાસે, રખીયાલ– અમદાવાદ–૩૮૦૦૨૩
૫	મંત્રી	૧ શ્રી શામજીભાઈ આર. પટેલ (બી. કોમ. એલ. એલ. બી.)	શ્રી અંબિકા વિજય સો મીલ સાણંદ, જી. અમદાવાદ–૩૮૨૧૧૦
૬	,,	૨ શ્રી કરમશીભાઈ એન. પટેલ (બી. એ. એલ. એલ. બી.)	પાટીદાર સ્ટુડન્ટસ હોસ્ટેલ પટેલવાડી, કેમ્પ એરીયા ભુજ–કચ્છ. ૩૭૦૦૦૧
૭	સહમંત્રી	૧ શ્રી વેલજીભાઈ એચ. પટેલ (બી. કોમ)	પટેલ ટીમ્બર કું. લાતી બજાર જોરાવરનગર
૮	,,	૨ શ્રી રતિલાલ ડી. પટેલ	શ્રી ઉમિયા વિજય સો મીલ ગીતા મંદિર લાટી બજાર, નાજારોડ અમદાવાદ–૩૮૦૦૨૨
૯	,,	૩ શ્રી શાંતિલાલ આર. પારસિયા (બી. એ)	પારસીયા એમ્પોરીયમ ૫, મોરબીયા શોપીંગ સેન્ટર વાણિયાવાડ, ભુજ–કચ્છ ૩૭૦૦૦૧
૧૦	,,	૪ શ્રી (ડૉ.) ભીમજી આર. પટેલ (એમ. બી. બી. એસ)	૪૨ ગ્રીન લેન્ડ કોલોની સ્નેહનગર ઈન્દોર મ. પ્ર. ૪૨૫૦૦૧
ઝોનલ સેક્રેટરીઓ :–			
૧૧	સાબરકાંઠા	૧ શ્રી અમૃત આર. પટેલ (બી. એ. એલ. એલ. બી.	મુ. રાજપુર કમ્પા. પો. રાજપુર તા. મોડાસા, જીલ્લો સાબરકાંઠા
૧૨	,,	૨ શ્રી રણછોડ એન. પટેલ (સી. એ.)	૨૬, રાજેન્દ્ર પાર્ક સોસાયટી ગૌરી સિનેમા પાસે [illegible] અમદાવાદ ૮૦૦૨૩૩
૧૩	કચ્છ	૧ શ્રી અરજણભાઈ એચ. ધાનાણી	[illegible] ૩૭૦૬૧૫
૧૪	,,	૨ શ્રી છગનલાલ કે. વેલાણી	પારસીયા એમ્પોરીયમ ૫ મોરસીયા શોપીંગ સેન્ટર, વાણિયાવાડ, ભુજ–કચ્છ ૩૭૦૦૦૧
૧૫	દક્ષિણ ગુજરાત	શ્રી ડાહ્યાભાઈ એચ. પટેલ	મુ. પો. શેરપુરા, તા: ધોળકા જી. અમદાવાદ–૩૮૭૮૧૦
૧૬	સૌરાષ્ટ્ર	શ્રી મુળજીભાઈ કે. પટેલ	શ્રી શંકર વિજય સો મિલ નરોડા રોડ, સૈજપુર બોઘા અમદાવાદ
૧૭	મધ્યપ્રદેશ	શ્રી ઈશ્વરભાઈ એલ. પટેલ	જનતા એમ્પોરીયમ, મેઈન રોડ, બાલાઘાટ [મ. પ્ર.] ૪૮૧ ૦૦૧
૧૮	પશ્ચિમ બંગાળ	શ્રી રતનશીભાઈ એમ. પટેલ	પટેલ ટીમ્બર કું., લાતી બજાર, જોરાવરનગર
૧૯	મહારાષ્ટ્ર	શ્રી કેશવલાલ કે. પટેલ (બી. એ. એલ. એલ. બી.)	જય અંબિકા ટીમ્બર માર્ટ, શતરંજીપુરા, ભંડારા રોડ. નાગપુર–૪૪૦ ૦૦૮
૨૦	દિલ્હી	શ્રી પુરસોતમ એચ. પટેલ	રવીલાલ પટેલ સો મીલ, ૨૧૪૦/૨, હરી મસ્જીદ પાછળ, પહાડગંજ, નવી દિલ્હી–૫૫ ૧૧૦ ૦૫૫
૨૧	કર્ણાટક	શ્રી હીરાલાલ માંકાણી	શ્રી ગણેશ સો મીલ્સ, ચન્નાગીરી રોડ, ભદ્રાવતી [કર્ણાટક રાજ્ય] ૫૫૭ ૩૦૧
૨૨	આંધ્રપ્રદેશ	શ્રી વેલજીભાઈ પ્રેમજીભાઈ	શ્રી રામકૃષ્ણ એન્ડ કું. ઓવારા રોડ, વીશાખાપટનમ–૪ [આંધ્ર] ૫૩૦ ૦૦૪
૨૩	કુવૈત	શ્રી કરશનભાઈ ડી. સુરાણી	અલ ઓમાન મોડર્ન કાર્પેન્ટરી પોસ્ટ બોક્ષ નં. ૧૪૮૫ કુવૈત [એ. જી.]
૨૪	રેસ્ટ (બાકીનું) ઓફ ગુજરાત	શ્રી લખમણભાઈ જી. પટેલ	ધી ગણેશ સો મિલ, ઓકટ્રોય નાકા પાસે મું. વટવા જી. અમદાવાદ–૩૮૨ ૪૪૦


[અનુસંધાન છેલ્લા પાને]

અમદાવાદ ભુજ માર્ગ ઉપર શરૂ થતી લકઝરી બસ સેવા

અમદાવાદ તા. ૩૦. ઓલ ઈન્ડીયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટી ના મંત્રી [illegible] પટેલે અમદાવાદથી ભુજ જવા માટે રાત્રી ના ફક્ત બે જ સમયે બસો ઉપલબ્ધ હોઈ લાંબા અંતરના મુસાફરોને થતી અગવડો નિવારવા રાત્રે વધારાની બસ શરૂ કરવા અને તેને અમદાવાદ થી ભુજને બદલે નખત્રાણા સુધી લંબાવવા વિનંતી કરી હતી. તેના અનુસંધાને એસ.ટી.ના જનરલ મેનેજર શ્રી એ જણાવેલ છે કે રાત્રી દરમ્યાન વધારા ના ટ્રાફીકને પહોંચી વળવા અને મુસાફરી વધુ આરામદાયી બનાવવા હાલ પુરતા અમદાવાદ – ભુજ માર્ગ ઉપર ટુંક સમયમાં જ લકઝરી બસ સેવા શરૂ કરવામાં આવશે અને ત્યાર બાદ ટ્રાફીકનુ પ્રમાણ જોતાં જરૂર જણાશે તો વધારાની બસ સુવિધા નખત્રાણા સુધી ઉપલબ્ધ કરાશે અથવા તો હાલ ની બે પૈકીની એક બસને નખત્રાણા સુધી લંબાવવાનુ વિચારાશે

ચોથી પુણ્યતિથિએ

શિશિર આવે ક્રુર કાળ લાવે,
તે પુષ્પ કુણા દવમાં પ્રજાળે,
સુકોમળી દેહ ફળી અરે! અરે!
વસંતની ફૂંક મહીં ખરી પડી!



ગોવિંદ પટેલ

શ્રી ભીમજીભાઈ વિશ્રામભાઈ પટેલ કાગડા પીઠ, અમદાવાદ ૨૨ ધડુલી –કચ્છ વાળાના પુત્ર જન્મ તા. ૨–૭–૫૮ વિલય તા. ૧૪–૧–૭૭ લિ. તારા માતા પિતા, ભાઈ-બહેન તથા સ્વજનો ફર્મ પટેલ સો મિલ, રગાઈપુરા તા. પેટલાદના સૌજન્યથી.

લવાજમ કયાં મોકલશો ?

'પાટીદાર સંદેશ'નું વાર્ષિક લવાજમ રૂા. ૭ (સાત) આપની નજીકના અમારા સભ્યશ્રીને અથવા તો તંત્રીશ્રી, પાટીદાર સંદેશ, પટેલ વાડી, કેમ્પ રોડ, ભુજ–કચ્છ [૩૭૦ ૦૦૧] ને મોકલવા વિનંતી છે.



ડો. વી. એચ. પટેલ
પ્રમુખ શ્રી
યુથ સોસાયટી

હસમુખો અને સરળ સ્વભાવ ધરાવતા ડો. પટેલ માત્ર આપણા સમાજમાં જ નહીં પણ કચ્છના સામાજીક જીવનમાં અનોખું સ્થાન ધરાવે છે શ્રી પટેલની મુક સેવાઓથી આપણે સૌ સુપરીચીત છીએ જ તેથી તેમના વીશે વધુ ઉલ્લેખ કરવાનું યોગ્ય જણાતું નથી. પોતાની અંગત અતી-વ્યસ્તતા હોવા છતાંય, તેઓ શ્રીએ યુથ સોસાયટીનું પ્રમુખ-પદ સ્વીકારીને અમને ઉપકૃત કર્યા છે અમો આભારી છીએ

અમારી શુભેચ્છાઓ

સમગ્ર ભારત તેમજ પરદેશમાં ધંધાર્થે સ્થાયી થયેલા આપણા સમાજના ભાઈઓને એક બીજાના સંપર્કમાં [illegible] "પાટીદાર સંદેશ" કરી અને તે પાર પાડવા માટે વિવીધ ક્ષેત્રોમાં પારંગત અને સંગઠીત એવા ૪૦ યુવાનો પાર પાડશે એમને દરેક પ્રકારની મદદ કરવા અમે તત્પર છીએ

–ખીમજીભાઈ નાગજી પટેલ [પ્રમુખ]
પ્રેમજીભાઈ પુંજાભાઈ પટેલ [મંત્રી]
ક.ક.પા. સમાજ

આભાર વીધી કરતા ડૉ. વી. એચ. પટેલે જણાવ્યું હતું કે જીલ્લા પંચાયત પ્રમુખપદે શ્રી શીવદાસ ભાઈ સફળતા મેળવીને આપણા સમાજનું ગૌરવ વધારેલ છે અને પ્રથમ વખત જ [illegible] આ હોદો શોભાવે છે તે બદલ આપણો સમાજ મગરૂર છે સન્માન થયેલ સજ્જનો એ પોતાના પ્રવચનમાં સમાજને ઉપયોગી થવાની લાગણી દર્શાવી હતી.

"પાટીદાર સંદેશ"
માટે
સંપાદક મંડળ

—: તંત્રીઓ :—

૧	શ્રી શામજીભાઈ આર પટેલ	સાણંદ
૨	,, કરમશી એન. પટેલ	ભુજ

—: સંપાદકો :—

૧	શ્રી (ડૉ.) અમૃત આર. પટેલ	ચિલોડા
૨	,, શાંતિલાલ આર. પારસીયા	ભુજ

—: સહતંત્રીઓ :—

૧	શ્રી રતિલાલ ડી. પટેલ 'વિલચી'	અમદાવાદ
૨	,, સી. કે. વેલાણી	ભુજ

—: સહસંપાદકો :—

૧	શ્રી (ડૉ.) ભીમજીભાઈ આર. પટેલ	ઇન્દોર
૨	,, નરેન્દ્ર વી. પટેલ	ધનસુરા

નમ્ર વિનંતી : 'પાટીદાર સંદેશ' માં પ્રસિધ્ધ કરવાનાં લખાણો, સમાચાર, લેખો, વિ. શ્રી શામજીભાઈ પટેલ C/o. શ્રી અંબિકા વિજય સો મીલ, સાણંદ ૩૮૨૧૧૦ [ગુજરાત] ના સરનામે મોકલવા વિનંતી છે.

સંચાલક મંડળ [ત્રીજા પાનાથી ચાલુ]

૨૫	ટ્રેઝરર	શ્રી ગોવિંદભાઈ વી. પાટીદાર બી.એસ.સી.	સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર બાડ બજાર. ભુજ કચ્છ ૩૭૦ ૦૦૧
૨૬		શ્રી લાલજીભાઈ એ. પટેલ	દેના બેંક નખત્રાણા–કચ્છ ૩૭૦ ૬૧૫
૨૭	ઓડીટર	શ્રી નારાણભાઈ વી. પટેલ	પટેલ કલોથ સ્ટોર્સ, વાણીયાવાડ, ભુજ-કચ્છ ૩૭૦ ૦૦૧
	પ્રચાર અને વ્ય...		
૨૮		શ્રી માવજીભાઈ એમ. પટેલ બી.કોમ.	અનુપમ ટ્રેડર્સ, વાણીયાવાડ, ભુજ-કચ્છ. ૩૭૦૦૦૧
૨૯		શ્રી ઘનશ્યામ વી. પટેલ	નાના અંગીઆ, વાયા વીથોણ કચ્છ ૩૭૦૬૭૫
૩૦		શ્રી [illegible]	[illegible] પાસે. ખેડોઈ તા. અંજાર
૩૧		શ્રી ગોવિંદ ડી. પટેલ ડી. ફાર્મ જી.એમ.પી.	ઉષા મેડીકલ સ્ટોર્સ, નરોડા બજારમાં, મુ. પો. નરોડા જીલ્લો–અમદાવાદ
૩૨		શ્રી વીરજીભાઈ બી. પટેલ	પટેલ સો મીલ મુ. પો. રંગાઈપુરા તા. પેટલાદ, જી. ખેડા
૩૩		શ્રી નરેન્દ્ર વી. પટેલ બી.એસ.સી.	ડોન ઇલેક્ટ્રોપ્લેટીંગ વર્કસ ૩ પ્રગતિ ઇન્ડ. એસ્ટેટ, રખિયાલ અમદાવાદ ૩૮૦૦૨૩
૩૪		શ્રી વસંતલાલ પટેલ એમ.કોમ., એલ.એલ.બી.	સત્યનારાયણ સો મીલ કિષ્ના નગર, સતના (મ. પ્ર.) ૪૮૫૦૦૧
૩૫		શ્રી ચંદુલાલ પટેલ	મહાદેવ સો મીલ કિષ્ના નગર, સતના (મ. પ્ર.) ૪૮૫૦૦૧
૩૬		શ્રી વીરેન્દ્ર પટેલ	માવજીભાઈ હીરજી પટેલ એન્ડ સન્સ ૩૬૮ નાગપુર રોડ, જબલપુર (મ. પ્ર.) ૪૮૨૦૦૧
૩૭		શ્રી બાબુભાઈ બી. પટેલ	શ્રી ભારત ટીમ્બર ડીપો ખારેપાટણ જી. રત્નાગીરી [મહારાષ્ટ્ર] ૪૧૬૭૦૩
૩૮		શ્રી ચંદુલાલ જે. પટેલ	પાયોનીયર એન્ટરપ્રાઇઝ ૬/૮/૩ નવજીવન સોસાયટી લેમીંગટન રોડ, મુંબઈ ૪૦૦૦૦૮
૩૯		શ્રી ગોપાલભાઈ બી. પટેલ	ગીતા ટીમ્બર માર્ટ હોસ્પીટલ રોડ, ઉલ્હાસનગર જીલ્લો થાણા ૪૨૧૦૦૨
૪૦		શ્રી નાનજીભાઈ પી. પટેલ	ભારત સો મીલ ઝેનીથ ટીન વર્કસ પાસે નેશનલ હાઇવે નં. ૮, મુ. છાણી જીલ્લો વડોદરા ૩૯૧૭૪૦

[illegible]-પહેલા પાનાથી ચાલુ

... હીરાલાલ દેવજી પટેલ [દયાપર] તાલુકા પંચાયતના [illegible] હોદેદારોની ચૂંટણીમા નીચેના પાટી– [illegible] સફળ થયા હતા.

૧ શ્રી કરમશી નાયાભાઈ પટેલ પ્રમુખ લખપત તાલુકા પંચાયત

૨ શ્રી રવજી વાલજી પટેલ ઉપપ્રમુખ નખત્રાણા તાલુકા પંચાયત

૩ શ્રી વેલ્લભજી માધવજી પટેલ ઉપપ્રમુખ માંડવી તાલુકા પંચાયત

અભ્યાસ ક્ષેત્રે B. com ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં સફળ થનાર શ્રી જયંતીલાલ વી. પટેલનું તેમજ ડેન્ટલ સર્જન શ્રી પ્રદીપ વી. વેલાણીનું આ સમારંભમાં બહુમાન કરવામાં આવેલ હતું.

ભુજ પાટીદાર યુવક મંડળ વતી નારાણભાઈ રામજી પટેલે સન્માન કરવામાં આવેલ સમાજના સભ્યોની પરીચય આપ્યો હતો અને ડૅા. યોગેશ વી. વેલાણીએ ફુલહારથી સન્માન કરેલ હતું.

આ પ્રસંગે શ્રી નાનાલાલ વી. ઉકાણી, ડૉ. હીરાણી, શ્રી મુરજીભાઈ હાલાઈ, શ્રી પ્રાણલાલ સોની વીગેરે એ પ્રાસંગીક પ્રવચન કર્યું હતું

માનદ્ તંત્રીઓ કરમશી એન પટેલ [ભુજ] અને શામજી આર. પટેલ [સાણંદ] મુદ્રક, પ્રકાશ, માલિક ઓ. ઈ. ક. ક. પા. યુથ સોસાયટીએ જ્યોતિ પ્રિન્ટીંગ પ્રેસ, સાંકડી શેરી ભુજમાં છપાવીને 'પાટીદાર સંદેશ' કાર્યાલય, પટેલવાડી કેમ્પ એરીયા ભુજમાંથી પ્રસિધ્ધ કર્યું.